# નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

'સી' બ્લોક, છઠ્ઠોમાળ, બહુમાળીમકાન, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧

☏૦૨૬૧-૨૪૬૪૪૩૦ ઇ-મેઇલ :: swo-sur@gujarat.gov.in

જા.નં.ના.નિ.અજાક/૨૦૨૩-૨૪/ ૨૯૪૩૫થી ૨૯૫૫૩ તા. ૨૦/૧૦/૨૦૨૩

પ્રતિ,

૧) જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત

૨) રજીસ્ટ્રારશ્રી, વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સીટી, સુરત

૩) રજીસ્ટ્રારશ્રી, ઉકા તરસાડીયા યુનિવર્સીટી, સુરત

૪) રજીસ્ટ્રારશ્રી, પી.પી.સવાણી યુનિવર્સીટી, સુરત

૫) રજીસ્ટ્રારશ્રી, ઓરો યુનિવર્સીટી, સુરત

૬) આચાર્યશ્રી, આઈ. ટી. આઈ., સુરત

૭) રજીસ્ટ્રારશ્રી, વનિતા વિશ્રામ યુનિવર્સીટી, સુરત

૮) રજીસ્ટ્રારશ્રી, ભગવાન મહાવીર યુનિવર્સીટી, સુરત

૯) રજીસ્ટ્રારશ્રી, સાર્વજનિક યુનિવર્સીટી, સુરત

૧૦) રજીસ્ટ્રારશ્રી ,વિધાદીપ યુનિવર્સીટી

**વિષય:- વર્ષ-2021-22 અને 2022-23 ની ડીજીટલ ગુજરાત પોર્ટલ પરની પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત ફોર્મ ભરવા માટે ડીજીટલ ગુજરાત પોર્ટલ રી- ઓપન કરવા બાબત**

જયભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે,રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની જુદી જુદી પોસ્ટમેટ્રિક શિષ્યવૃતિ યોજનાની કામગીરી ડિજિટલ ગુજરાત પોર્ટલ મારફત કરવામાં આવે છે.

શૈક્ષણિક વર્ષ : ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં જુદી - જુદી પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત અનુસૂચિત જાતિના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓની અગાઉના વર્ષોની સરખામણીમાં પુરતી અરજીઓ મળેલ નથી તેવું જણાય છે તેમજ અમુક વિધાર્થીઓ ઓનલાઈન ફોર્મ ભરવાનું ચૂકી ગયેલ હોય તેમજ ઓનલાઈન ફોર્મ સબમીટ કરવાનું ચુકી ગયેલ હોય તેમજ જે ઓનલાઇન ફોર્મ ક્વેરી માટે પરત મોકલવામાં આવેલ હોય તે ફોર્મ વિદ્યાર્થીઓથી શરતચુકથી ક્લોઝ કરી દિધેલ હોય તેમજ અમુક સંસ્થાઓને પોતાના AISHE કોડ મળવામાં વિલંબ થયેલ હોય તેવું પણ બનવા પામેલ છે. આમ આવા વિદ્યાર્થીઓને પણ આવરી લેવા જરૂરી બને છે

**આમ, વર્ષ: ૨૦૨૧-૨૨ તથા વર્ષ -૨૦૨૨-૨૩ અંતર્ગત જુદી જુદી પોસ્ટમેટ્રીક શિષ્યવુતિ યોજનાઓ અંતર્ગત અનુસુચિત જાતિના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ શિષ્યવુતિથી વંચિત ન રહી જાય તે માટે શૈક્ષણિક વર્ષ: ૨૦૨૧-૨૨ તથા વર્ષ -૨૦૨૨-૨૩ માટે ડિજિટલ ગુજરાત પોર્ટલ છેલ્લીવાર તા: ૨૩/૧૦/૨૦૨૩ થી ૩૦/૧૦/૨૦૨૩ સુધી (આઠ દિવસ) રીઓપેન કરવામાં આવેલ છે. જેની જાણ આપના તાબા હેઠળની તમામ શાળા/કોલેજ /સંસ્થા ને કરવી અને આપની વેબસાઈટ પર પત્ર અપલોડ કરવા વિનંતી છે.**

વધુમાં જણાવવાનુ કે, હવે પછી કોઇ વિદ્યાર્થી વર્ષ ૨૦૨૧-૨૨ તથા વર્ષ -૨૦૨૨-૨૩ મા શિષ્યવૃત્તિ ના ફોર્મ ભરવાના બાકી રહી જશે તો તેની તમામ જવાબદારી જે-તે શાળા-કોલેજના આચાર્યશ્રી અને શિષ્યવૃત્તી નુ કામ કરતા કર્મચારીશ્રીની રહેશે જેની નોંધ લેવા વિનંતી.

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
સુરત.

નકલ સવિનય રવાના:

1) મે. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુ.રા. ગાંધીનગર તરફ જાણ સારૂ.

Scanned with OKEN Scanner